ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

પ્રભુના શીશ પર મારું સદન થઈ જાય તો સારું;
ભલે ગંગા સમું એ મુજ પતન થઈ જાય તો સારું.
નહીં તો આ મિલનની પળ મને પાગલ કરી દેશે;
હૃદય ઉછાંછળું છે જો સહન થઈ જાય તો સારું !

- નાઝિર દેખૈયા.

### પાથેય

- રમેશ ઠક્કર

## ઈચ્છાઓના આટાપાટા

ચારેબાજુ સહુ કોઈને જોઈએ તો દરેક કોઈને કોઈ ઈચ્છાના સહારે જીવતા જોવા મળે છે..શ્રધ્ધા એ એની સહોદર છે.એના સહારે માણસની આશાનો તંતુ લટકતો રહે છે..માણસ માટે કહેવાય છે કે જેવું એ વિચારે એવું જ એને પ્રાપ્ત થાય..દરેકની પોતાની વિચારવાની એક ક્ષમતા હોય છે..નાના માણસો હંમેશાં નાના વર્તુળમાં જ વિચારતા રહે...આપણે જેને મોટા કે મહાન માણસો ગણીએ છીએ એવા લોકોની વૈચારિક દ્રષ્ટિ વ્યાપક હોય છે..સામાન્ય માણસનું પતન પણ એવું જ નાનું હોય છે..કેટલાક લોકો બહુ ઉંચો કૂદકો લગાવે છે એટલે એમનું પતન પણ એટલું ઉંચું અને રોમાંચક હોય છે..સામાન્ય નદી સાગર કે કોઈ મોટી નદીમાં ભરી જઈ સાર્થકતા અનુભવે છે પરંતુ ગંગા જેવી ભવ્ય નદી શિવજીની જટામાં ભળી જઈ સાર્થક સમાપન કરે છે..!

જગતમાં ભવ્ય જીત કે વિજયની બોલબાલા હોય છે..દરેક સફળતા મૂલ્યવાન લાગતી હોય છે..આમછતાં કેટલીક હાર કે કેટલીક વિફળતાઓ પણ એવી હોય છે જે જીત કરતાં પણ વધારે યાદગાર બની જાય છે..કોઈ મોટી મહાસત્તા એના મદમાં કોઈ નાનકડા દેશ ઉપર ચડી કરી એને ચપટીમાં ચોળી નાખવાના ગુમાન સાથે યુધ્ધ કરે ત્યારે એ લડાઈમાં વિજેતા ભલે એ થાય પણ નાનકડો દેશ જો લાંબા સમય સુધી શરણે ના થાય તો એવા સમયે એની એ ખુમારી વિજેતા દેશ કરતાં વધારે ચમકદાર હોય છે ! ક્રિકેટ કે અન્ય રમતોમાં ઘણીવાર કશ્મકશની બાજી હોય છે..એમાં છેલ્લે સુધી ટક્કર લેતી ટીમ અને એનો સ્પીરીટ ભલે એ હારી જાય તો પણ લોકોને યાદ રહી જાય છે..

જીવન હોય રમત હોય કે યુધ્ધ હોય એને તમે કેટલી ઉચ્ચ રીતે ન્યાય આપો છો એ મહત્વનું છે..રમતમાં એન્ડ નિયમોનો ભંગ કરીને કે છેતરપીંડી કરી જો વિજય મેળવીએ તો એવી જીત ક્ષણજીવી બની રહે છે.ખેલદિલીથી રમત રમતો કોઈ ખેલાડી ભલે ઝડપથી આઉટ થઈ જાય પણ દર્શકો ઉપર એક આગવી છાપ છોડી જતો હોય છે..માણસ ઉંચા સ્થાને પહોંચવા જીવસટોસટની સ્પર્ધા કરે કે તનતોડ મહેનત કરે એ જેટલું જરૂરી છે એટલું જ જરૂરી એ પણ છે કે પોતાનાં મૂલ્યો પણ એટલાં જ ઉંચાઈ રાખે..એમ કરતાં જો હારી જવાય કે નિષ્ફળ જવાય તો પણ એમાં એક ગૌરવ છલકતું હોય છે ! જીવનની આ ફિલસુફી પણ સમજવા જેવી છે.

ઘણીવાર કોઈ આનંદ કે કશુંક મેળવ્યાની ખુશી એટલી અનહદ હોય છે કે એને જીરવી મુશ્કેલ બની જાય છે.કોઈ ભકત હદયનો માણસ પરમ તત્વની ઝલક પ્રાપ્ત કરે ત્યારે એક વિહવળતા એને ઘેરી વળે છે..કૃષ્ણભકિતમાં તલ્લીન નરસિંહ જ્યારે એમની રાસલીલા નિભાવે છે ત્યારે અવાચક બની જાય છે..એના હાથમાં સળગતી મશાલના પ્રકાશમાં ભગવાનનું અનુપમ દ્રશ્ય જોવામાં માલની આગ એના હાથ સુધી પ્રસરી જાય છે છતાં એને ભાન રહેતું નથી..ઉત્કટતા એ જ સાચા હદયનું પ્રતિબિંબ હોય છે..ખૂબ જ ઉત્કટતાથી જે વસ્તુ કે વ્યકિતને પામવાની આપણને તીવ્ર ઈચ્છા હોય અને એ પામવા અશક્ય હોય પરંતુ કોઈ મનગમતી ક્ષણે એ અચાનક પ્રાપ્ત થઈ જાય તો એ વખતે જે ઉમળકો આવી જાય છે એ ફુવારા જેવો હોય છે..સાચા ભકત કે નિર્મળ વ્યકિતનું હદય કોમળ અને ઉછળકૂદ કરતું હોય છે..આવી સાક્ષાત્કારની પીને એ પચાવી લે તો એ ધન્યતા બની જાય છે !

# વિપક્ષો પીકેની ફોર્મ્યુલા સ્વીકારે તો ભાજપને હનુમાનજી પણ ના જિતાડી શકે

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તર પ્રદેશ સહિત કેટલાંક રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં થયેલ જય જયકાર પછી ભારતીય જનતા પાર્ટી માટે દેશમાં યોજાનારી કોઈ પણ ચૂંટણી 'કૅક વૉક' સમી બની ગઈ હોય એવો માહોલ સરજાયો હતો. પરંતુ તાજેતરમાં વિવિધ રાજયોમાં થયેલી પેટા ચૂંટણીઓમાં ભાજપને તમામ બેઠકો પર હારનો સામનો કરવો પડ્યો છે. તે ઘટના સૂચક છે. મીડિયા સાથેની સાંઠગાંઠને કારણે ભારતીય જનતા પાર્ટી આ નામોશીભરી હાર પ્રત્યે આંખ મિચામણાં કરે તે સ્વાભાવિક છે. વડાપ્રધાન હનુમાનજીની ભવ્ય પ્રતિમાનું અનાવરણ કરવામાં વ્યસ્ત હતા. એમને આ પેટા ચૂંટણીમાં પાર્ટીના થયેલા સફાયાના સમાચારમાં રસ નહોતો. દેશના ચાર ખૂણે આદિ શંકરાચાર્ય સ્થાપેલ ચાર પીઠોની જેમ વડાપ્રધાન દેશના ચાર ખૂણે હનુમાન મૂર્તિઓ ઊભી કરી પાર્ટી માટે રક્ષાકવચ કરી રહ્યા છે ! રામ કરતાં પણ હનુમાન વિશેષ લોકાભિમુખ છે. એ સર્વહારા સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે. પોતે વાનર જેવી 'અધમ' જાતિના હોવાની વિનમ્ર કબૂલાત કરનારા હનુમાનને રામ 'તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ' કહી ગળે લગાવે છે અને સીતાજી અમરત્વનું વરદાન આપે છે.

અષ્ટ સિદ્ધિ - નવ નિધિ કે દાતા,
અસ વર દીન જાન કી માતા

હનુમાનજી રામચંદ્રજીના લંકાવિજયના પ્રાણપુરુષ છે. હવે પછી ભારતીય જનતા પાર્ટી ઓબીસી, દલિત અને આદિવાસી સમુદાયોને રીઝવવા રામભક્ત હનુમાનનો ચૂંટણીમાં સ્ટાર પ્રચારક તરીકે 'સદુપયોગ' કરે તો આશ્ચર્ય નહીં થાય. એ દિશામાં અજાનનો ઘોંઘાટ અટકાવવા મસ્જિદોનાં લાઉડ સ્પીકરો બંધ ન કરાવાય તો મંદિરો અને મસ્જિદો સામે લાઉડ સ્પીકરો લગાડી હનુમાન ચાલીસાના પાઠ કરનારા પ્રયોગો શરૂ થઈ જ ગયા છે. રાજકારણ જેવા ક્ષુલ્લક સત્તાલક્ષી ઉપક્રમમાં આવાં ધાર્મિક તત્ત્વોને ઘસડી લાવવાની રીત લોકતંત્રમાં કેટલી ઉપકારક ગણાશે એનો પણ અભ્યાસ થવો ઘટે. અલબત્ત, લાઉડ સ્પીકરોમાં અજાન પોકારવાથી અલ્લાહની રહેમત ઊતરી આવશે એવા ભૂલભરેલા ખ્યાલોમાંથી મુસ્લિમોએ પણ વેળાસર બહાર આવવાની જરૂર છે. ધર્મ જો અંગત માન્યતાનું વાનું હોય તો તેને ઘર કે ધર્મસ્થાન પૂરતું જ સીમિત રાખી અન્ય ધર્મ સંપ્રદાય સાથે સંકળાયેલ લોકોને એથી કોઈ તકલીફ ન પડે એનું ધ્યાન રાખવું જોઈએ. જયારે ધાર્મિક સ્વાતંત્ર્યના નામે આવી બાબતોને મૂળભૂત અધિકાર તરીકે ખપાવવાની ચેષ્ટા થાય છે ત્યારે સામે આવી પ્રતિક્રિયા આવી પડે છે. હવે એ પ્રતિક્રિયા અટકવાની નથી. એટલે જનસાધારણ માટે તો બેવડા અવાજ પ્રદૂષણની જફા ઊભી થવાની છે. મુસ્લિમોએ પહેલ કરીને મસ્જિદો પરથી લાઉડ સ્પીકરો હટાવી દેવાં જોઈએ. એ નહીં હટાવે તો અદાલત હટાવડાવશે. દેશ બે મુખ્ય ધર્મો વચ્ચેની કશ્મકશભરી પરિસ્થિતિમાં સપડાયો છે. ત્યારે વિકાસ, બેરોજગારી કે ભાવવધારા - મોંઘવારી જેવા મુદ્દા હાંસિયે ધકેલાઈ જાય તે સ્વાભાવિક છે. રાજકારમીઓને તો આવા જ સંવેદનશીલ મુદ્દા ઊભા કરીને એમનું લક્ષ્ય હાંસલ કરવું અનુકૂળ આવી ગયું છે. મતોના ધ્રુવીકરણ માટે આવા મુદ્દા ઉપકારક નીવડતા રહ્યા છે. પ્રશાંત કિશોરે કયારેક કહ્યું હતું કે ઉત્તરપ્રદેશની ચૂંટણી જીત્યા પછી પણ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી કે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને સત્તાથી દૂર કરવું અઘરું નથી. પરંતુ એ માટે બધા વિપક્ષોએ કોંગ્રેસ સાથે મળીને એવું ગઠબંધન રચવું પડે કે ભાજપ વિરોધી વોટ વહેંચાઈ ન જાય. અલબત્ત, 'પીકે'ની આ શિખામણનો સૌથી પહેલો અમલ તો કોંગ્રેસે જ કરી બતાવવો રહ્યો. મમતા બેનરજી કોંગ્રેસને અપ્રસ્તુત ગણી ત્રીજા મોરજાની રચના વિશે વિચારે કે કેજરીવાલ 'આપ' ને કોંગ્રેસનો વિકલ્પ તરીકે આગળ ધરે એથી ભાજપનો વાળ પણ વાંકો થશે નહીં. એ ૩૫ ટકા વોટ મેળવીને સત્તા હાંસલ કરતું રહેશે !

### દિન મહિમા

- તાત્યા ટોપેની પુણ્યતિથિ. ૧૮૫૭ની ભારતીય ક્રાંતિમાં એક સેનાપતિ અને તેના નોંધપાત્ર એક નેતા.

### આજનું ઔષધ

- કળથીનો સુપ બનાવી તેમાં ચપટી સુરેખાર મેળવી પીવાથી પથરી મટે છે અને પથરીને લીધે થતી ભયંકર પીડાય મટે છે.

### ખડખડાટ

- એક કેદીને ફાંસીએ લટકાવવાનો હતો.
જજ : તારી કોઈ છેલ્લી ઈચ્છા હોય તો બોલ.
કેદી : મારી જગ્યાએ તમે લટકી જાવ.

### આજનો વોટ્સએપ

- પરોક્ષ બોલાય તે પ્રશંસા
પ્રત્યક્ષ બોલાય તે ખુશામત
પણ,
હૃદયથી બોલાય તે સાચી કદર...

# ગુજરાત જાહેર સલામતી અમલીકરણ વિધેયક-૨૦૨૨

## સીસીટીવી કેમેરા આધારીત સર્વેલન્સથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવામાં આવશે.જાહેર સુરક્ષા અને સલામતીની જાળવણી માટે 'જન ભાગીદારી' અગત્યનું પાસુ




રાજ્યના નાગરિકોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરા આધારીત સર્વેલન્સથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી વધુ અસરકારક બનશે. જાહેર સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરાના ઈન્સ્ટોલેશન તેમજ ગુણવત્તાસભર વિડિયો ફુટેજની જરૂરિયાતને કાયદાકીય સ્વરૂપ આપવા ગુજરાત જાહેર સલામતી અમલીકરણ વિધેયક અત્યંત જરૂરી.

નાગરિકોની અવર-જવર રહેતી હોય તેવા સ્થળોના પ્રવેશ-નિર્ગમન દ્વારો અને પાર્કિંગના વિસ્તારોને આવરી લે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અને તેના વિડિયો ફુટેજ ૩૦ દિવસ સુધી સાચવી રાખવાના રહેશે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર અને ખાનગી ભાગીદારીથી રાજ્યની આંતરીક સુરક્ષાને વધુ મજબુત બનાવવામાં આવશે. સી.સી.ટી.વી. કેમેરા આધારિત સર્વેલન્સથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી, ટ્રાફિક નિયમન અને ગુના સંશોધનના ત્રિવિધ હેતુઓ પાર પાડવામાં આવે છે.

આ કાયદાના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગના પ્રતિનિધિઓનો સમાવેશ કરી પબ્લિક સેફટી કમિટીની નિમણુંક કરાશે. કોઈ પણ સંસ્થાઓના માલિકો/મેનેજરોની ખોટી રીતે હેરાનગતિ/કનડગત ન થાય તે માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરાશે.

કાયદાનું ઉલ્લંઘન કરનાર સંસ્થા વિરૂધ્ધ પ્રથમ માસ માટે રૂ. ૧૦હજાર અને ત્યાર પછીના દરેક માસ દીઠ રૂ. ૨૫ હજારના દંડની જોગવાઈ કરવામાં આવશે.

વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ-૨ અંતર્ગત રૂ.૪૦૦ કરોડના ખર્ચે ૫૧ નગરપાલિકાઓમાં ૨૦૩૩ લોકેશનો ઉપર ૯૦૦૦ કેમેરા લગાવવાનું આયોજન કરવામાં આવશે.

જાહેર સુરક્ષા અને સલામતીની જાળવણી માટે 'જન ભાગીદારીલ્ એ ખુબ જ અગત્યનું પાસુ છે ત્યારે જનભાગીદારી થકી રાજ્યને લોખંડી સુરક્ષા કવચ પુરૂ પાડવા માટે આ ગુજરાત જાહેર સલામતી અમલીકરણ વિધેયક અત્યંત અસરકારક સાબિત થશે. રાજ્યના નાગરિકોની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા આધારીત સર્વેલન્સથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી વધુ અસરકારક બનશે. જાહેર સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરાના ઈન્સ્ટોલેશન તેમજ ગુણવત્તાસભર વિડિયો ફુટેજની જરૂરિયાતને કાયદાકીય સ્વરૂપ આપવા આ વિધેયક લવાયુ છે. જે અંતર્ગત નાગરિકોની અવર-જવર રહેતી હોય તેવા સ્થળોના પ્રવેશ-નિર્ગમન દ્વારો અને પાર્કિંગના વિસ્તારોને આવરી લે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અને તેના વિડિયો ફુટેજ ૩૦ દિવસ સુધી સાચવી રાખવાના રહેશે.

વિધાનસભા ગૃહમાં આ વિધેયક લાવવાનો મુખ્ય હેતુ, કોઈ પણ ગુનાની તપાસ દરમિયાન ગુન્હેગારો સુધી પહોંચવામાં પોલીસને જે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને યોગ્ય પુરાવાના અભાવે સક્ષમ ન્યાયાલયમાં ગુન્હાઓને સાબિત કરવામાં જે મુશ્કેલી ઉભી થાય છે તે નિવારવાનો અને ગુનો કરીને નાસી છૂટતા ગુનેગારોને શક્ય હોઈ તેટલા જલ્દી પકડી પાડવાનો તેમજ ગુનેગારોની ગુનાહિત પ્રવૃત્તિ કેમેરામાં કેદ થઈ રહેલ હોઈ, ફૂટેજના આધારે પકડાઈ જવાના ભયથી આવી ગુનાહિત પ્રવૃત્તિઓને બનતી અટકાવવાના મુખ્ય હેતુ સાથે આ વિધેયક લાવવામાં આવ્યુ છે.

ખાનગી સંસ્થાઓમાં સ્થાપિત કેમેરાના વિડિયો ફુટેજ પોલીસ અધિકારીઓને અપરાધિક બનાવોના તપાસ અનુસંધાને સોંપવા અંગેના કોઈ નિયમો અમલમાં ન હોવાથી, વિવિધ એકમો તરફથી લગાવવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિડિયો ફુટેજ મેળવવામાં મુશ્કેલી ઉભી

અનુસંધાન પાના નં. ૬ પર

# જેમ અન્ન વિના દેહ ટકતો નથી, તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી




જે રીતે પર્યાવરણની જાળવણી તેમજ લુપ્ત થઈ રહેલી સંસ્કૃતિની જાળવણી એ બાબતો અનિવાર્ય બની છે તે જ રીતે પુસ્તકોનું સ્થાન પણ આજના યુગમાં કયાંક ભૂલાઈ ગયેલું - ખોવાઈ ગયેલું જણાય છે. કવિશ્રી ''ઉશનસ્' લખે છે:

''કદીક પેગંબરે ઝાંખું સમાધિમાં, ખ્વાબોમાં :
અરે, આ જવાબ ખુલ્લી આંખથી જોવા કિતાબોમાં
ચઢી ઈતિહાસમાં ચૈતન્યની ભરતી અને કિતાબોમાં!
ઊંચી-નીચી અહીં અંકાઈ છે માઝા કિતાબોમાં!
હજારો વર્ષ પહેલાંના પ્રબળ ઉદ્ગાર સફરી થૈ,
વટાવી કાળના વગડા પધાર્યા છે કિતાબોમાં!
જહર પી અમૃતે છલક્યા મીરાં જેવા કંઈક કંઠો,
શરાબી જામથીયે કૅફી મયખાનું કિતાબોમાં!
અરે આ શબ્દ - જયાં જયાં એ ગયા, ઈતિહાસને સર્જ્યો,
પ્રજા ઊઠી, પલટિયો કાળ - સૂતા છે કિતાબોમાં!
કબાટથી કબાટે ગ્રંથઘરમાં બહાર ઘૂમતો હું
શકીશ થોડોય ઊતરી અક્ષરે અંદર કિતાબોમાં?
હૃદયની કાપલી કયાં કયાં કરી કે કેટલી મૂકવી -
જય હીં હરપૃષ્ઠ નોંધો મૂકવા જેવી કિતાબોમાં?''

આ વિશાળ દુનિયામાં આપણે એકલતા અનુભવીએ છીએ, તેની વેદના આપણને દુઃખી કરે છે. જગતના દુઃખો, તકલીફો અને પીડાઓ આપણને મૂઢ બનાવી દે છે. પણ પુસ્તકો વાંચીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે બીજાઓએ પણ - આપણા કરતાંયે મહાન લોકોએ પણ - આપણી જેમ જ વેદના વેઠેલી છે, ખોજ કરેલી છે. શાયર અમૃત ''ઘાયલ'' લખે છે તેમઃ

આ મારી પાસે શસ્ત્ર છે જે શબ્દ નામનું.સસસ
છે શબ્દ ચક્ર કૃષ્ણનું ને બાણ રામનું.''

આજે આપણે મોબાઈલ, ઈન્ટરનેટ અને કમ્પ્યુટર્સના એવા હાઈટેક યુગમાં જીવી રહ્યા છીએ જયાં ચારેબાજુથી વિચારોનો મારો ચાલી રહ્યો છે. સારા વિચારોનો તેમ કુવિચારોનો પણ. આ તમામની વચ્ચે આપણા વિચારો અને સિદ્ધાંતોને વળગીને આગળ વધતા રહેવા માટે જો સારા પુસ્તકોનો સાથ નહિ હોય તો આપણે માર ખાઈશું. આપણે અનેક વિષયોનું અધ્યયન - અભ્યાસ કરવાનો છે અને આ અધ્યયન એટલે એક જ ગ્રંથ વાંચવાની સાથોસાથ વારંવાર એને પુનરાવર્તિત કરતા રહેવું પણ આવશ્યક છે. જે ગ્રંથ કે જે પુસ્તકમાંથી જીવનને પોષણ મળતું હોય, તે ફરી ફરીને વાંચીને તેને આત્મસાત કરવો તેમ જ જીવનમાં તેને અનુસરવો આપણા માટે આવશ્યક છે. આદિગુરુ શંકરાચાર્યે એક નાનકડા શ્લોકમાં આ અધ્યયને સમજાવ્યું છે, તેનું ગણિત જણાવ્યું છે જેટલું અધ્યયન કે વાંચન કરીએ, તેનાથી સો ગણું મનન કરવાનું છે. આપણને જમતાં માત્ર પંદર મિનિટ વધુમાં વધુ અડધો કલાક લાગે પણ એ ખાધેલું પચાવતાં કેટલો સમય લાગે છે? ચાર-પાંચ કલાક. તે જ પ્રમાણે અધ્યયનને માટે રોજ એક કલાક પૂરતો છે. ત્યારબાદ તેનું મનન કરવું કે જેથી બહુ ખાઈ લઈને પચાવ્યું નહિ, તે મુજબ શરીરની જે હાલત થાય તે બુદ્ધિની ન થાય. વિનોબા ભાવે લખે છે કે, ''જેમ અન્ન વિના દેહ ટકતો નથી, તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી. એટલા માટે રોજેરોજ જ્ઞાન મેળવવાની યોજના હોવી જોઈએ. આપણે જેમ ખાધા વિના રહેતા નથી, તેમ આધ્યાત્મિક અન્ન-સેવન વગર આપણો એક પણ દિવસ ન જવો જોઈએ દરરોજ એક કલાક અધ્યયન માટે અલગ કાઢીએ, અને ત્યારે બધાં કામથી અળગા થઈને અધ્યયનમાં જાતને પરોવી દઈએ. ત્યારે કામ-બામ કાંઈ નહીં, બસ અધ્યયન, મનન, ચિંતન. આમ કરવાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે, ઉત્સાહ મળે છે અને કામ કરવાની શક્તિ પણ વધે છે.''

અમૃત 'ઘાયલ' સાહેબની અન્ય એક ચોટદાર શાયરી છે કે,

''આ મારી શાયરી યે સંજીવની છે, 'ઘાયલ';
શાયર હું, પાળિયાને બેઠા કરી શકું છું!''

લખાણ એવું હોવું જોઈએ કે જે વાંચનારના મનને હચમચાવી મૂકે, વ્યક્તિના નૈતિક મૂલ્યોને વધુ સુદઢ બનાવે. જે પ્રમાણે કોયલ ગાય છે, તે સૌનું ધ્યાન ખેંચે છે; એને કેળવાયેલા કાનની અપેક્ષા નથી. સુંદર કમળો ખીલે છે, તે સૌનું મન ખેંચી લે છે; એને કેળવાયેલી દૃષ્ટિની અપેક્ષા નથી એ જ પ્રમાણે સાવ અરસિક વ્યક્તિને પણ રસ પડે તેવું સાહિત્ય સર્જન કરે તે જ સાચો કવિ કહેવાય. એક મહાન લેખકના શબ્દો જેટલાં શક્તિશાળી શસ્ત્રો કોઈ પણ સરકાર પાસે નથી. યોગ્ય શબ્દો એ જગતે જોયેલું પરિવર્તન માટેનું સૌથી શક્તિશાળી સાધન છે. લોકોના ચિત્તમાં શબ્દોનો સાચો રણકાર સંભળાય છે ત્યારે, જેને પ્રતિકાર ન કરી શકાય તેવી શક્તિઓ સંચાલિત થાય છે, પ્રગતિ વિના સંસ્કૃતિ નહીં, વિચારો વિના પ્રગતિ નહીં, પુસ્તકો વિના વિચારો નહીં. પુસ્તક મારફત માણસ બીજાના કોઈ પણ અનુભવને પોતાનો કરી શકે છે, પોતાની પસંદગીના યુગમાં જીવી શકે છે, એક જ જિંદગીમાં અનેક અવતારો ભોગવી શકે છે. શરદચંદ્ર ચટોપાધ્યાય લખે છે કે, ''મારા દેશમાં, મારી ભાષામાં, એવું મહાન સાહિત્ય જન્મ પામો કે જેની તુલનામાં મારાં લખાણ તુચ્છ લાગે.'' જયારે દરેક લેખક આ જવાબદારી સાથે સભાનતાપૂર્વક લખાણ લખશે ત્યારે સમાજમાં ચોક્કસપણે વૈચારિક ક્રાંતિ આવશે. કવિશ્રી ઉમાશંકર જોષી આ બાબતે ચિંતા દર્શાવતા લખે છે કેઃ

''ગુજરાતી ભાષાનાં તમામ સામયિકોમાં કવિતા, વાર્તા, ધર્મ અને રાજકારણ એ સિવાયના વિષયોમાં રસ લઈ શકતી રચનાઓ ઓછી જોવા મળે છે. પલટાતા જગતપ્રવાહોનું સ્થિર દૃષ્ટિએ આકલન કરનારી, જીવનના પાયાના પ્રશ્નો સાથે બાથ ભીડનારી, રાગદ્વેષના ઝંઝાવાતો વચ્ચે સત્યને માટે અકંપ ઊભનારી, સમાજ, રાજકારણ, સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન એ બધાં ફલકો ઉપર સ્વસ્થપણે વિચારનારી કલમો કયા જંગલમાંથી ઘડી લાવીએ?''

ગુજરાતી શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી લખે છે તેમ;

''ગુજરાતી લેખન-સમૃદ્ધિ ઘણી છે. એ સમૃદ્ધિ જલ્દી જોવા - અનુભવવામાં આવતી નથી, તેનું કારણ એની યથાસ્વરુપ પિછાન દેનારા પ્રયત્નોની કચાશ છે. સંપત્તિના ઢગલા મોઢે ખડકાયે જતાં ટૂંસામાંથી સુરંગી ને પૌષ્ટિક કણ નિરાળા પાડીને બતાવી શકાય, તો જ સમૃદ્ધિનું સત્ય પરખાય.'' સારું લખાણ લખાય એ માટે નાનપણથી જ બાળકને રોજનીશી કે વેકેશન કઈ રીતે માણ્યું કે જીવનની યાદગાર ક્ષણ એવા વિવિધ વિષયો પર લખવાની ટેવ પાડીએ કે જેથી તેમનામાં મૌલિકતા કેળવાય! અભિવ્યક્તિની બાબતમાં દરેક વ્યક્તિ એકબીજાથી અલગ હોય છે અને તે જ પ્રમાણે દરેક વ્યક્તિનો અભિગમ પણ અલગ હોય છે! આ તમામ બાબતોને શબ્દોમાં પોતાની રીતે ઢાળીને વ્યક્ત કરવાની સૌની શૈલી અલગ હોઈ શકે ! આ પ્રકારે વિચારોનું આદાન-પ્રદાન કરવાથી ચોક્કસપણે વૈચારિક ક્રાંતિ આણી શકાય! વોટ્સ અપ અને ફેસબુકના આ યુગમાં તો કાગળમાં લખેલી બે લીટી પર તરત જ પોતાના મિત્રવર્તુળમાં પહોંચાડી શકાય છે. આવા ગ્રુપ પણ વોટ્સ અપ પર ચાલતા હોય છે કે જેમાં સાહિત્યરસિકો ભેગા મળીને પોતાની રચેલી કે અન્ય લેખકની પણ ઉત્કૃષ્ટ કૃતિઓને એકબીજા સાથે share કરે છે. ગમે તે ગઝલ' નામનું આવું જ એક ગ્રુપ વિવિધ લેખકો, કવિઓ અને સાહિત્ય રસિકોનો સમુહ છે. ડૉ. મનોજ જોષી જેવા સફળ Admin સાથે સૌ ઉત્સાહપૂર્વક આવા સાહિત્યિક વિચારોની આપ-લે કરે છે. આ પ્રકારના આવા કેટલાય ગ્રુપ ચાલતા હશે કે જેના દ્વારા Young generation ને સાહિત્યમાં રસ લેતા કરવામાં આવતાં હશે. આ પ્રકારની પ્રવૃત્તિ ખરેખર સાહિત્યને જીવંત રાખવા માટે આવશ્યક ગણાય! આવી પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધારો થાય અને સારા પુસ્તકો, સારું સાહિત્ય જાણવાની અને માણવાની એક પ્રથાનો આરંભ થાય એ જ પુસ્તક દિન'ની ખરા અર્થમાં ઊજવણી!

- નેહલ જયદીપ ગઢવી
- nehalgadhavi101@gmail.com

# પહેલા ધોરણથી અંગ્રેજી વિષય ભણાવવો જોઈએ ?




થોડા સમય પહેલાં ગુજરાતના શિક્ષકોને એક મંચ પર લાવી તેમનામાં પ્રતિબધ્ધતા ઉમેરવાનું સુંદર કાર્ય કરતી સંસ્થા 'આનંદાલય'ના ઉપક્રમે એક સુંદર ચર્ચામાં જોડાવાનું બન્યું. ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનમાં સંસ્કૃત વિષયના શિક્ષક મહોદયશ્રી અતુલ ઉનાગર લોકડાઉનકાળથી આનંદાલય ચલાવે છે. આ એક ડિજિટલ ચંદરવો છે. ગુજરાતના ખૂણે ખૂણેથી પ્રતિબધ્ધ શિક્ષકો તેમાં જોડાય છે. જુદા જુદા વિષય ઉપર ચર્ચા થાય છે. શિક્ષણ ઉપરાંત અન્ય વિષયો પણ આવરી



લેવાય છે. વિવિધ ક્ષેત્રના તજજ્ઞોનો લાભ લેવાય છે.

ગઈકાલે કલરવ અને ખિલખિલાટ એવી બે ટીમો હતી. શિક્ષકોએ પહેલા ધોરણથી અંગ્રેજી વિષય ભણાવવો જોઈએ કે નહીં તેના સમર્થન અને વિરુધ્ધમાં તર્કબધ્ધ રજૂઆત કરી. શિક્ષકોના મનોભાવ જાણવાની મજા આવી. કાર્યક્રમના અંતે મારે બોલવાનું હતું.

૧. શિક્ષણના માધ્યમની બાબતમાં ગુજરાત પ્રદેશ અને ગુજરાતી પ્રજા અંધારામાં ફાંફાં મારે છે. શું કરવું જોઈએ તેવો સ્વસ્થ નિર્ણય કરી શકાય તેવી સ્થિતિ જ નથી. અંગ્રેજીની આંધીમાં માતૃભાષા માટેનાં પ્રેમ, આદર અને પ્રતિબધ્ધતા ઊડી ગયાં છે. સરકાર ભાષા માટેની જુદી જુદી નીતિ સમયાંતરે રજૂ કર્યા કરે છે. સૌથી મહત્ત્વની હોય છે પ્રજાની ભાષા માટેની પ્રીતિ અને રીતિ. સરકારની ભાષાનીતિ તો ઠીક છે મારા ભાઈ, એના કરતાં વધારે અસરકારક છે ભાષકોની માતૃભાષા માટેની પ્રીતિ અને રીતિ.

૨. ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને પહેલા ધોરણથી અંગ્રેજી ભણાવવાના ફાયદા અને ગેરફાયદા બંને છે. ગુજરાતી માધ્યમની શાળાઓની ગુણવત્તા અને ગુજરાતી વિષય શીખવતા શિક્ષકોની પ્રતિબધ્ધતા અને સજ્જતાના એટલા બધા સવાલો છે કે, આ અંગે કશું કહેવામાં બીક લાગે છે. બાકી વાત સાવ સાદી છે. ધોરણ પાંચ સુધી બાળક માતૃભાષામાં જ ભણે અને માતૃભાષા સિવાય બીજી કોઈ ભાષા ના ભણે તો કશો જ વાંધો નથી.

૩. ધોરણ ચાર કે પાંચ સુધી ગુજરાતી માધ્યમમાં ભણતો વિદ્યાર્થી માતૃભાષાને પાકી કરે. માતૃભાષાની મદદથી તે સંસ્કૃતિને પણ સમજે. એ પછી ભલેને તે વિશ્વની બીજી ભાષાઓ ભણે.

૪. મને તો લાગે છે કે, ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ભાષાઓ બાળકને શીખવવી કે ભણાવવી હોય તો બીજો અને ત્રીજો ક્રમ સંસ્કૃત અને હિન્દી ભાષાને જ આપવો જોઈએ. મારી આ વાત કોઈને ઓછી ગમશે, પરંતુ હું બજારને નહીં, વેપારને નહીં, પૈસાને નહીં, કારકિર્દીને નહીં, પરંતુ સમાજ અને જીવનને ધ્યાનમાં રાખીને કહી રહ્યો છું. સંસ્કૃત એ દાદી છે અને હિન્દી એ રાષ્ટ્રભાષા છે.

૫. જે બાળક માતૃભાષા ગુજરાતી, રાષ્ટ્રભાષા હિન્દી અને દેવભાષા સંસ્કૃતમાં તૈયાર થઈ જાય એ બાળક દુનિયાની કોઈપણ ભાષા રમતાં રમતાં શીખી શકે. આજની સ્થિતિમાં આવું માળખું ગોઠવવું અઘરું છે બાકી આ જ સાચી વ્યવસ્થા છે તેમાં મને કોઈ શંકા નથી.

૬. બાળકની નાનપણમાં ભાષા શીખવાની સજ્જતા અને તત્પરતા તીવ્ર હોય છે. એ ઝડપથી સમજી શકે છે અને ગ્રહણ પણ કરી શકે છે. એનો લાભ લેવો જોઈએ. ગુજરાતીની સાથે સાથે અંગ્રેજી ભાષા શીખવવામાં કોઈ વાંધો નથી, પરંતુ બાળક પર તેની શી અસર થાય છે તેનો પણ વિચાર કરવો જોઈએ. બધું ભેળસેળ થઈ જાય તો ના ચાલે.

૭. બાલઘર (અમદાવાદ)નાં પૂર્વ આચાર્યા કરુણાબહેને એક સુંદર રસ્તો બતાવ્યો છે. ગુજરાતી માધ્યમમાં ભણતું બાળક પહેલા ધોરણથી જ અંગ્રેજી શીખવા લાગે. ના, વ્યાકરણ નહીં, માત્ર શબ્દો. પહેલા-બીજા-ત્રીજા-ચોથા ધોરણમાં તે નિયત કરેલા શબ્દો શીખે. તેનું શબ્દભંડોળ વધતું જાય. પાંચમા ધોરણથી એ બાળકને જો અંગ્રેજી માધ્યમમાં ભણવું હોય તો આરામથી ભણી શકે એ સ્થિતિ એ તે પહોંચી જાય. હું આ વ્યવસ્થાને કરુણા માધ્યમ કહું છું. ગુજરાતે કરુણાબહેનની આ વાતને ગંભીરતાથી વિચારવા જેવી છે. યાદ રહે કરુણાબહેને આખું જીવન માતૃભાષા ગુજરાતી અને શિક્ષણને સમર્પિત કર્યું છે. તેમના હાથ નીચે અને હૃદય સાથે સેંકડો વિદ્યાર્થીઓ તૈયાર થયા છે અને દેશ-વિદેશમાં સાર્થક જીવન જીવી રહ્યા છે.

૮.મને લાગે છે કે, ગુજરાત સરકારે ભાષા અને માધ્યમની બાબતમાં ઈચ્છા થાય ત્યારે નવા નવા નિયમો કરવાને બદલે આ કામ ભાષાશાસ્ત્રીઓ અને શિક્ષણકારો-કેળવણીકારોને સોંપવું જોઈએ. એ લોકોના માર્ગદર્શનના આધારે આગળ વધવું જોઈએ.

૯.અત્યારે સરકારે પહેલા ધોરણથી અંગ્રેજી વિષય શીખવવાનો જે નવો નિયમ કર્યો છે તે યોગ્ય નથી. એ નિયમ સ્વૈચ્છિક રહેવો જોઈએ.

૧૦.સૌથી મોટી ભૂમિકા માતા-પિતાની છે. પહેલાંના માતા-પિતા બાળકોને પેટે પાટા બાંધીને ભણાવતાં હતાં, હવે આંખે પાટા બાંધીને ભણાવે છે. અંગ્રેજીનો હાઉ, ફોબિયા પેસી ગયો છે. માતા-પિતા ડઘાઈ ગયાં છે. માતા-પિતાએ પરિપક્વતા અને સ્વચ્છતાથી વિચારવાની જરૂર છે. માતૃભાષાથી અળગા થવાની ભૂલ કરવા જેવી નથી.

**ગોધૂલિઃ**

આ વિશ્વમાં જન્મ લેતા પ્રત્યેક બાળકને માતૃભાષામાં ભણવાનું અબાધિત અધિકાર છે અને એ અધિકારને છીનવવાનો કોઈને પણ અધિકાર નથી. જે એવું કરે છે તે મહાપાપ કરે છે.

**(જે શિક્ષકો અથવા ભાષાપ્રેમીઓ આનંદાલયમાં જોડાવવા માગતા હોય તેઓ શ્રી અતુલભાઈ ઉનાગરનો ૮૯૦૫૪૭૯૭૮૧ પર સંપર્ક કરી શકે છે. આનંદાલયમાં આંટો મારવા જેવો છે, એક વાર જશો તો વારંવાર જવાનું મન થશે.)**